# અમદાવાદમાંથી ૨૫ કરોડનું ડ્રગ પકડાયું

**સુરત** અને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની સંયુક્ત કાર્યવાહી

**દિલ્હી** અને ઉત્તર પ્રદેશના ત્રણ આરોપી ઝડપાયા




અમદાવાદ : ગુજરાતમાં ડ્રગ્સના નેટવર્ક સામે કાર્યવાહી કરતાં સુરત અને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની સંયુક્ત ટીમે અમદાવાદના બરોડા એક્સપ્રેસ હાઈવે પર રામોલ ટોલનાકા નજીકથી રૂ. ૨૫.૬૫ કરોડની આંતરરાષ્ટ્રીય કિંમતનું હેરોઈન અને મેફેડ્રોન (એમ.ડી.) જપ્ત કર્યું છે. પોલીસે દિલ્હી અને ઉત્તર પ્રદેશ સાથે સંબંધ ધરાવતા ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પ્રાથમિક તપાસમાં આ જથ્થો અમદાવાદ મારફતે રાજકોટ પહોંચાડવાનો હોવાની વિગતો સામે આવી છે. ડ્રગ્સનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો, ગુજરાતમાં કોને પહોંચાડવાનો હતો અને આંતરરાજ્ય તથા આંતરરાષ્ટ્રીય નેટવર્કમાં બીજા કોણ સામેલ છે તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, ૨૧ ઓક્ટોબરે સુરત ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે ગેંગના ત્રણ સભ્યો મોટી માત્રામાં ડ્રગ્સ લઈને અમદાવાદ આવી રહ્યા છે. તેના આધારે સુરત ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એન. પરમારની ટીમે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ સાથે સંકલન કરીને અલગ અલગ ટીમો બનાવી હતી. ત્યારબાદ એક્સપ્રેસ હાઈવે પર રામોલ ટોલનાકા નજીક વાહનને રોકીને તપાસ કરતાં હેરોઈન અને મેફેડ્રોનનો જથ્થો મળી આવ્યો હતો.

### પોલીસે કબજે કરેલો મુદ્દામાલ

૨૨.૬૫ કરોડનું ૪.૫૩૧ કિલો હેરોઇન
૨.૯૯ કરોડનું મેફેડ્રોન ડ્રગ
રૂ. ૮૩,૯૦૦ના ૬ મોબાઇલ
એક મહિન્દ્રા એક્સયુવી કાર



### રાજકોટમાં જથ્થો પહોંચાડવાનો હતો પોલીસની પ્રાથમિક તપાસ

આરોપીઓએ હેરોઇન અને મેફેડ્રોનનો જથ્થો નાની માત્રામાં પેક કરીને મહિન્દ્રા એક્સયુવી કારમાં છુપાવ્યો હતો. આ જથ્થો રાજકોટમાં રહેતા અસલમ નામના વ્યક્તિને પહોંચાડવાનો હોવાની વિગતો આરોપીઓની પૂછપરછમાં સામે આવી છે. મેફેડ્રોનનો જથ્થો રાજસ્થાનના ઝાલાવાડ જિલ્લાના ભવાની મંડીમાં રહેતા શખ્સ પાસેથી ખરીદાયો હોવાની પણ માહિતી મળી છે.



### આરોપી અને ગુનાહિત ઇતિહાસ

કફીલ અહેમદ ઉર્ફે જાવેદ અન્સારી (ચરસ, અલ્પ્રાઝોલમ અને અન્ય માદક પદાર્થોના કેસ નોંધાયેલા છે)
કતીફલે નોખેઝ (અમૃતસર અને દિલ્હીમાં હેરોઇનના મોટા જથ્થા સાથે પકડાયો છે)
મોહંમદ ઇમરાન ઉર્ફે રાજા (છેડતી, મારામારી અને છેતરપિંડીના કેસ નોંધાયા છે.)

## નેત્રંગની 'વીર રેસિડેન્સી'માં 17 પ્લોટ હોલ્ડરો સાથે 1 કરોડની ઠગાઈ

**દસ્તાવેજ** કે કબજો નહીં આપતાં જમીન દલાલ સહિત બે ભાઈ સામે ગુનાહિત વિશ્વાસઘાતની ફરિયાદ

સુરતઃ અડાજણના નિવૃત્ત હીરા વેપારી સહિત 17 વ્યક્તિઓ પાસેથી કામરેજના નેત્રંગ ગામ સ્થિત વીર રેસીડેન્સીના પ્લોટ અપાવવાના બહાને રૂ. 1.04 કરોડ પડાવી લેવાનો કિસ્સો સામે આવ્યો છે.

અડાજણમાં પાર્શ્વદર્શન કોમ્પ્લેક્સ, નવયુગ કોલેજ સામે, ફ્લેટ નં. B-504માં રહેતા ભુપેન્દ્રકુમાર રમેશચંદ્ર શાહ (ઉં.વ. 60) અગાઉ હીરાના લે-વેચનો વ્યવસાય કરતા હતા. વર્ષ 2019માં જમીનમાં રોકાણ કરવા માટે તેઓ દલાલ પરેશ હરીલાલ શાહ અને તેના ભાઈ દિલીપ હરીલાલ શાહના ના સંપર્કમાં આવ્યા હતા. બંનેએ કહેતા ભૂપેન્દ્રકુમારે કામરેજ તાલુકાના નેત્રંગ ગામે રે.સર્વે નં. 71/1, બ્લોક નં. 60ની જમીનમાં આવેલી 'વીર રેસીડેન્સી'માં કુલ 25 પ્લોટ ખરીદવાનું નક્કી કરી બાના પેટે રૂ. 26.50 લાખ ચૂકવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, અન્ય 16 પરિચિત વ્યક્તિઓએ પણ પ્લોટ ખરીદવા માટે પરેશ મારફતે દિલીપકુમારને કુલ રૂ. 77.80 લાખ આપ્યા હતા.

આમ, કુલ રૂ. 1.04 કરોડની ચુકવણી કરવામાં આવી હતી. જોકે, નાણાં ચૂકવ્યાના બે મહિના બાદ વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવતાં બંને ભાઈઓએ વાયદા કર્યા હતા અને બાદમાં જગ્યા પર બાંધકામ શરૂ કરી દઈ પ્લોટધારકોન ધમકી આપતાં ક્રાઈમ બ્રાંચ પોલીસે દિલીપભાઈ હરીલાલ શાહ(રહે., વીરભદ્ર રેસીડેન્સી, ઇચ્છાનાથ મહાદેવ મંદિરની બાજુમાં, પીપલોદ) અને પરેશભાઈ હરીલાલ શાહ(રહે., ફ્લોરેન્સી, વી.આઈ.પી. રોડ, વેસુ) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ઉધના-અમરાવતી વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડશે

**ટ્રેન** 26 ઓક્ટોબરથી 30 નવેમ્બર-2026 સુધી દોડશે, 12 ટ્રીપનું આયોજન



સુરતઃ તહેવારોની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ ઉધના અને અમરાવતી વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લીધો છે. ટ્રેન નંબર 09013/09014 ઉધના-અમરાવતી સુપરફાસ્ટ સ્પેશિયલ કુલ 12 ટ્રીપ કરશે.

ટ્રેન નંબર 09013 ઉધના-અમરાવતી સ્પેશિયલ દર સોમવારે સવારે 11:30 વાગ્યે ઉધનાથી ઉપડશે અને તે જ દિવસે રાત્રે 21:20 વાગ્યે અમરાવતી પહોંચશે. આ ટ્રેન 26 ઓક્ટોબરથી 30 નવેમ્બર 2026 સુધી દોડશે. પરત ફરતી ટ્રેન નંબર 09014 અમરાવતી-ઉધના સ્પેશિયલ દર સોમવારે રાત્રે 23:30 વાગ્યે અમરાવતીથી ઉપડશે અને બીજા દિવસે સવારે 09:35 વાગ્યે ઉધના પહોંચશે. આ ટ્રેન પણ 26 ઓક્ટોબરથી 30 નવેમ્બર સુધી દોડશે.આ ટ્રેન બંને દિશામાં વ્યારા, નવાપુર, નંદુરબાર, દોંડાઈચા, સિંદખેડા, નરડાણા, અમલનેર, ધરણગાંવ, જલગાંવ, ભુસાવલ, બોડવાડ, મલકાપુર, નાંદુરા, શેગાંવ, અકોલા, મૂર્તિઝાપુર અને બડનેરા સ્ટેશનો પર ઉભી રહેશે. ટ્રેનમાં AC ચેર કાર, સ્લીપર ક્લાસ, જનરલ સેકન્ડ સીટિંગ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ રહેશે. ટ્રેનનું બુકિંગ 24 ઓક્ટોબર 2026થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. આ ટ્રેન સ્પેશિયલ ભાડા સાથે સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

## દિવાળી ટાણે બિનખેતીની નોંધો અટકી પ્રોપર્ટીકાર્ડની વ્યવસ્થામાં અરજદારો હેરાન

**ઈ-ધરામાં** નોંધ નહીં અને ILR કચેરીમાં સોફ્ટવેર અપડેટના નામે કામગીરી ઠપ્પ

સુરતઃ દિવાળીના તહેવાર ટાણે જમીનના વ્યવહારો અને મિલકતને લગતાં કામો કરાવવા નીકળેલા અરજદારો નવી મહેસૂલી વ્યવસ્થાના કારણે અટવાઈ રહ્યા છે.

બિનખેતી થયેલી જમીનોની નોંધ ઈ-ધરામાં પાડવામાં આવતી નથી, જ્યારે બીજી તરફ ઈન્ટિગ્રેટેડ લેન્ડ રેકર્ડ કચેરીમાં સોફ્ટવેર અપડેટની પ્રક્રિયાના નામે પ્રોપર્ટી કાર્ડમાં પણ નોંધ પડતી ન હોવાની ફરિયાદો ઊઠી રહી છે. પરિણામે, અરજદારોનાં કામો અટકી પડ્યાં છે. સરકારી નિર્ણયનો અમલ કેવી રીતે કરવો તેની સ્પષ્ટતા અને પૂરતી વ્યવસ્થા કર્યા વિના નવી પદ્ધતિ લાગુ કરાતાં અરજદારોની હાલત કફોડી બની છે.

અરજદારોની મુશ્કેલી એ છે કે જૂની પદ્ધતિમાં નોંધ પડતી ન હોવા છતાં નવી પદ્ધતિમાં પણ કામ આગળ વધતું નથી. સોફ્ટવેર અપડેટ અને રેકર્ડ મેપિંગની કામગીરી પૂર્ણ થઇ છે કે નહીં, નોંધ માટે કઈ પ્રક્રિયા અનુસરવી અને પેન્ડિંગ અરજીઓનો નિકાલ કેવી રીતે કરવો, તે અંગે સ્પષ્ટતા ન હોવાની સ્થિતિમાં દિવાળી પહેલા મિલકતના દસ્તાવેજો અને અન્ય જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરવાની આશા રાખતા લોકો માટે આ સ્થિતિ મુશ્કેલીરૂપ બની છે.

### ILRની કામગીરી મામલતદાર કચેરીમાં સંકલિત કરવા માગ

નવી વ્યવસ્થાની અમલવારી દરમિયાન અરજદારોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે સ્પષ્ટ માર્ગદર્શિકા, પૂરતી ટેકનિકલ સુવિધા અને સમયબદ્ધ નિકાલની વ્યવસ્થા જરૂરી છે. ILR કચેરીઓની કામગીરીને હાલ પૂરતી મામલતદાર કચેરી સાથે સંકલિત કરીને અરજદારોને એક જ સ્થળે ઉકેલ મળે તેવી વ્યવસ્થા ઊભી કરવાની જરૂરિયાત પણ ચર્ચાઈ રહી છે. તેના બદલે કામગીરી સોંપ્યા પછી જરૂરી સ્પષ્ટતા અને સુવિધાઓના અભાવે અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાની સ્થિતિ જોવા મળે છે.

### પેન્ડિંગ નોંધોનો નિકાલ કરવો જરૂરી બન્યો

સરકારનો હેતુ મહેસૂલી રેકર્ડને વધુ વ્યવસ્થિત બનાવવાનો હોય તો તેનો અમલ પણ એટલો જ સુવ્યવસ્થિત હોવો જોઈએ. એક તરફ જૂની નોંધપદ્ધતિ બંધ કરવામાં આવે અને બીજી તરફ નવી પદ્ધતિમાં નોંધો અટવાય, તો તેની સીધી કિંમત સામાન્ય અરજદારે ચૂકવવી પડે છે. તંત્રએ તાત્કાલિક સ્પષ્ટતા કરી પેન્ડિંગ નોંધોનો નિકાલ કરવો જરૂરી બન્યો છે.

## ગાંધીનગરના 150 કરોડની જમીન વિવાદમાં કોંગ્રેસના જગદીશ ઠાકોરનું નામ ઉછળ્યું

**ખોરજની** જમીનના વેચાણને લઈને માલિકના અપહરણની ફરિયાદ; દસ્તાવેજ જગદીશ ઠાકોરની તરફેણમાં કરી આપવા દબાણ કર્યાનો આક્ષેપ

**ફરિયાદમાં** ચાર વખત જગદીશ ઠાકોરના નામનો ઉલ્લેખ થયો, કોંગ્રેસના નેતાએ વિડીયો મારફતે આક્ષેપો નકાર્યા

ગાંધીનગરઃ ગાંધીનગર જિલ્લાના ખોરજ ગામની કરોડો રૂપિયાની જમીનના વેચાણના વિવાદમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરનું નામ સામે આવતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. જમીનના વેચાણ દસ્તાવેજને લઈને માલિકનું ગાંધીનગરની સબ-રજિસ્ટ્રાર કચેરીમાંથી બળજબરીપૂર્વક અપહરણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે અડાલજ પોલીસ મથકમાં ત્રણ શખસો સામે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં જમીનનો સોદો જગદીશ ઠાકોર સાથે નક્કી થયેલો હોવાનું કહી અન્ય ખરીદદારોના નામે દસ્તાવેજ ન કરવા દબાણ કરાયું હોવાનો ઉલ્લેખ છે. જોકે, જગદીશ ઠાકોરે વીડિયો જાહેર કરીને પોતાની સામેના આક્ષેપો નકારી કાઢ્યા છે.

આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે, જ્યારે કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ ઠાકોર સમાજની જમીન સાથે સંકળાયેલા આશરે રૂ. 150 કરોડના કથિત જમીન કૌભાંડનો મુદ્દો ઉઠાવ્યો હતો. મેવાણીએ આક્ષેપ કર્યો હતો કે એક આઈપીએસ અધિકારીએ રૂ. 150 કરોડની જમીન માત્ર રૂ. એક કરોડમાં પધરાવી દીધી છે અને સરકાર પાસે સંબંધિત પોલીસ અધિકારી સામે પગલાં લેવાની માગ કરી હતી. હવે ખોરજની જમીનના વેચાણ અને અપહરણના કેસની ફરિયાદમાં કોંગીના નેતા જગદીશ ઠાકોરના નામનો વારંવાર ઉલ્લેખ થતાં સમગ્ર મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો છે. જોકે, મેવાણીના અગાઉના આક્ષેપો અને હાલની અપહરણની ફરિયાદ વચ્ચેનો સંબંધ તપાસમાં સ્પષ્ટ થવાનો બાકી છે. હાલના તબક્કે ફરિયાદમાં કરાયેલા આક્ષેપો તપાસ હેઠળ છે. જગદીશ ઠાકોરે પોતાની સામેના આક્ષેપો નકાર્યા હોવાથી તપાસના અંતે જ સમગ્ર વિવાદની હકીકત સ્પષ્ટ થઈ શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જગદીશ ઠાકોરની સ્થિતિ સ્પષ્ટ થશે તે પહેલા ભાજપ માટે કોંગ્રેસને ઘેરવાનો મોકો મળી ગયો છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સુરત દુનિયાનું...

૫.૨ ટકાના સૌથી વધુ વાર્ષિક વસ્તી વૃદ્ધિ દર સાથે મોખરે છે. તે ૨૦૨૬માં દુનિયાના સૌથી ઝડપથી વિકસતા શહેરોની યાદીમાં ટોચ પર છે. જ્યારે ભારતના ગુજરાતમાં આવેલું સુરત ૪.૯૯ ટકાના વાર્ષિક વસ્તી વૃદ્ધિ દર સાથે બીજા ક્રમે છે. વૈશ્વિક રેન્કિંગમાં આ શહેર બીજા નંબરનું સૌથી ઝડપથી વિકસતું શહેરી કેન્દ્ર છે.

### CA ઈન્ટરમિડિએટ...

સુરત બ્રાન્ચના ચેરમેન સી.એ. રાહુલ અગ્રવાલે જણાવ્યું હતું કે, બંને ગ્રુપની પરીક્ષા આપનારા સુરતના કુલ 1067 વિદ્યાર્થીઓમાંથી 250 વિદ્યાર્થીઓ બંને ગ્રુપમાં એકસાથે ઉત્તીર્ણ થયા છે. આ ઉપરાંત 125 વિદ્યાર્થીઓ પ્રથમ ગ્રુપ અને 28 વિદ્યાર્થીઓ દ્વિતીય ગ્રુપમાં પાસ થયા છે. માત્ર પ્રથમ ગ્રુપની પરીક્ષા આપનારા 1042 વિદ્યાર્થીઓમાંથી 298 અને માત્ર દ્વિતીય ગ્રુપની પરીક્ષા આપનારા 535 વિદ્યાર્થીઓમાંથી 145 વિદ્યાર્થીઓ સફળ થયા છે. ઘોડદોડ રોડ સ્થિત સી.એ. રવિ છાવછરિયા ઇન્સ્ટિટ્યૂટના માર્ગદર્શન હેઠળ સાત વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા ટોપ-50માં સ્થાન મેળવ્યું છે. 600 ગુણની પરીક્ષામાં મોક્ષ જૈને 472 ગુણ સાથે દેશભરમાં 12મો, મીત દુધાતે 462 ગુણ સાથે 22મો અને દ્વિતાલી ખાનસાહેબે 458 ગુણ સાથે 26મો ક્રમ મેળવ્યો છે. સંસ્થાના 150થી વધુ વિદ્યાર્થીઓ ઇન્ટરમિડિયેટમાં સફળ થયા છે, જ્યારે 20થી વધુ વિદ્યાર્થીઓએ 400થી વધુ ગુણ મેળવ્યા છે.

### સુરતના AIR 50માં આવેલા વિદ્યાર્થીઓની યાદી

| વિદ્યાર્થી | AIR |
|---|---|
| પ્રેમ અગ્રવાલ | 3 |
| મોક્ષ પરેશ જૈન | 12 |
| મિત જિગ્નેશ દુધાત | 22 |
| દ્વિતાલી રૂપાંગ ખાનસાહેબ | 26 |
| પ્રાચી કિશનલાલ બોહરા | 28 |
| ક્રિશ ચુગ | 30 |
| તનિષા સંદિપ શાહ | 40 |
| નિજ ભાવિન કાપડિયા | 40 |
| કાવ્યા હિતેશ શાહ | 44 |
| પ્રવિણ જહા | 50 |

### વીજસંકટને કારણે...

અગાઉની જેમ ૧૫ થી ૨૦ દિવસ સુધી થતી ભવ્ય રોશનીને બદલે તેને ઘટાડીને માત્ર ૫ દિવસ (ધનતેરસથી લાભ પાંચમ સુધી) જ સીમિત કરવામાં આવે. જોકે, ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસિએશન (FOSTTA) દ્વારા સ્પષ્ટ કરાયું છે કે કોઈ ફરજિયાત આદેશ નથી, પરંતુ વીજ બચતના હિતમાં સંચાલકો સ્વૈચ્છિક રીતે રોશનીના દિવસો ઘટાડી રહ્યા છે.

માત્ર ટેક્સટાઈલ માર્કેટ જ નહીં, પરંતુ રાજ્ય અને સ્થાનિક તંત્ર હેઠળ આવતી સરકારી કચેરીઓમાં પણ ઊર્જા બચતના ધોરણોનું પાલન થાય તેવા સંકેતો છે. વીજ બચતના વ્યાપક હિતમાં સરકારી ઈમારતો પર થતી રોશની અને જગમગાટને મર્યાદિત રાખવામાં આવે તેવી વહીવટી સ્તરે ચર્ચા છે. આ ઉપરાંત, સુરત શહેરના સિગ્નેચર બ્રિજ, ફ્લાયઓવર બ્રિજ અને જાહેર માર્ગો પર થતી આકર્ષક લાઈટિંગ અને સુશોભન પર પણ વીજકાપની સાય છાંયા વર્તાઈ શકે છે. અગાઉ તહેવારોની મોસમમાં શહેરના મુખ્ય બ્રિજો રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠતા હતા, પરંતુ વીજ સંકટ અને ઉદ્યોગોને પૂરતો વીજ પુરવઠો જાળવી રાખવાના પડકાર વચ્ચે આ વખતે બ્રિજો પરની રોશની પણ સાદી અથવા પ્રતિકૂળ રહે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે.

### ભાંડો ફૂટી...

રીતે 'ગાંધી-વૈદનું સહિયારું'ની જેમ મહાપાલિકામાં કોન્ટ્રાકટરો અને અધિકારીઓની મિલીભગત ચાલતી જ હોય છે પરંતુ ટકાવારી વધી જતાં કોન્ટ્રાકટરોનો અસંતોષ બહાર આવી ગયો અને કાર્યપાલક ઈજનેર અને તેના IAS બોસની ભાગીદારનો ભાંડો ફૂટી જવા પામ્યો છે. જોકે, કમિ. રાજકુમાર બેનીવાલના નાક નીચે જ ચાલતા આ ખેલ બાદ હવે કમિ. પોતે આ મામલામાં કોઈ રસ લઈને આ IAS બોસ પાસેથી ખાતાઓ ઓછા કરે છે કે પછી આંખ આડા કાન કરે છે તે જોવું રહ્યું!

### CA પતિ...

વિવાદમાં ChatGPTના અતિશય ઉપયોગનો મુદ્દો ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચતાં આ મામલો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. પત્નીના આક્ષેપ મુજબ, પતિ જાન્યુઆરી 2025થી સામાન્ય અને રોજિંદી બાબતોમાં પણ ChatGPTનો મોટા પાયે ઉપયોગ કરવા લાગ્યા હતા, જેના કારણે તેમના વર્તન અને દાંપત્યસંબંધો પર અસર પડી હતી. જોકે, હાઈકોર્ટે આ વિવાદમાં દીકરીની કસ્ટડી માતા પાસેથી પિતાને સોંપવાની માગ કરતી અરજી ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે બાળક માતા સાથે રહેતું હોય એટલા માત્રથી તેની કસ્ટડી ગેરકાયદે ઠરતી નથી અને કસ્ટડી બદલવા માટે સક્ષમ અદાલતે પુરાવા સહિતના તમામ પાસાંની વિગતવાર તપાસ કરવી જરૂરી છે. આ કેસે એક મહત્ત્વનો પ્રશ્ન ઊભો કર્યો છે કે માહિતી, વિચારો અને સલાહ મેળવવા માટે ઉપયોગી બનતું ChatGPT જેવી કૃત્રિમ બુદ્ધિનું સાધન વ્યક્તિગત સંબંધોમાં કેટલા પ્રમાણમાં વાપરવું ? જોકે, આ એક કેસના આધારે કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ જ દાંપત્યજીવનમાં તિરાડનું કારણ બને છે એવો સામાન્ય નિષ્કર્ષ કાઢી શકાય નહીં.

### 2016માં લગ્ન...

હતી. ત્યારબાદ પતિએ દીકરીને પરત સોંપવાની માગ સાથે કાનૂની નોટિસ પાઠવી હતી અને પોલીસનો પણ સંપર્ક કર્યો હતો. જોકે, દીકરી તેની માતા સાથે રહેતી હોવાથી પોલીસે આ મામલે કાર્યવાહી કરી નહોતી. અંતે પતિએ દીકરીની કસ્ટડી મેળવવા ગુજરાત હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ અરજી કરી હતી.

### કસ્ટડી બદલવા...

તેને ગેરકાયદે કસ્ટડીમાં હોવાનું કહી શકાય નહીં. તેથી હાલના તબક્કે દીકરીની કસ્ટડી બદલવા માટે કોઈ આધાર જણાતો ન હોવાનું અદાલતે નોંધ્યું હતું.

### ગયા વરસે...

સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ના ધારાધોરણો મુજબ અપ્રમાણિત સાબિત થયા છે. કેટલાક જાણીતા એકમોના માવામાં દૂધના ફેટ ઓછા હોવાનું અથવા વેજિટેબલ ફેટની મિલાવટ કરવામાં આવી હોવાનું સામે આવ્યુ હતું.

### અબ્રામા રોડની...

કરતાં ઓછું હોવાનું માલૂમ પડ્યું હતું. આ રિપોર્ટના આધારે સંબંધિત પેઢી વિરુદ્ધ ફૂડ સેફ્ટી એક્ટ મુજબ કાયદેસરની દંડાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

### માવાના 15...

શરૂ કરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત ગુરૂવારે વિવિધ વિસ્તારોમાં સ્થળ તપાસ કરીને દૂધ અને માવાના કુલ 15 જેટલા શંકાસ્પદ નમૂનાઓ એકત્ર કરવામાં આવ્યા હતા. આ તમામ નમૂનાઓને તપાસ માટે લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવ્યા છે. લેબ રિપોર્ટ આવ્યા બાદ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ નિયમો અનુસાર કસૂરવારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આજે મનપા દ્વારા જે 15 સંસ્થામાંથી માવાના નમૂના લેવાયા તે પૈકી પાંચ સહિત અન્ય ત્રણ મળીને કુલ આઠ માવા ભંડારનો માવો વાંધાજનક હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. જેના પર ફૂડ વિભાગે કેસ પણ કર્યો છે. આ માવામાં દૂધમાં ફેટનું પ્રમાણ ઓછું હોવાથી માંડીને વેજિટેબલ ફેટની હાજરી હોવાનું માલુમ પડ્યું હતું.

### કઈ કઈ સંસ્થાના નમૂના ગયા વર્ષે ફેઈલ થયા હતા

-●M/s શંકરલાલ માવાવાલા : તરતિયા હનુમાન મંદિરની પાસે, હરીપુરા, સુરત
-●શ્રી કૃષ્ણ માવા ભંડાર : ૯/૧૨૪, ૨૨૧, ખાંડવાલાની શેરી, વાડી ફળિયા, અંબાજી રોડ, સુરત
-●શ્રી ગણેશ ડેરી અને મીઠાઈઓ : રાધેશ્યામ કોમ્પ્લેક્સ, આશા નગર-૨, ઉધના, સુરત
●-જય અંબે માવા ભંડાર : સરનામુંઃ ૯/૯૩૦, ચાયવા શેરી, નાની છીપવાડ, ઝપતીયા હનુમાન પાસે, અંબાજી રોડ, સુરત
●-અંબા શંકર માવા ભંડાર : ૯/૨૦૯૪, ગોપી શેરી, બરાનપુરી ભાગળ, સુરત
●-શ્રી કૃષ્ણ ડેરી : દુકાન નં.3, ભગુ નગર સોસાયટી, એલ.એચ.રોડ, વરાછા, સુરત
●-નંદકિશોર એસ. માવાવાલા : કોટસફીલ રોડ, દેના બેંકની સામે, સુરત
●-અમૃત ડેરી ફાર્મ : દુકાન નંબર ૭-૮, ધનમોરા કોમ્પ્લેક્સ-ડી, સિંગણપોર રોડ, કતારગામ, સુરત

### માવાના નમૂના...

- મોમાઈ ડેરી એન્ડ સ્વીટ (સચિન પ્લાઝા, સ્ટેશન રોડ)
- જય ભોલે માવાવાલા (કૈલાશ રેસીડેન્સી, રૂઘનાથપુરા)
- અંબા શંકર માવા ભંડાર (ગોપી શેરી, બરાનપુરી ભાગલ): ગયા વરસે નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલા
- શ્રી કૃષ્ણ ડેરી (ભગુનગર સોસાયટી, એલ.એચ. રોડ): ગયા વરસે નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલા
- શ્રી કૃષ્ણ માવા ભંડાર (ખાંડ વાલાની શેરી, વાડી ફળિયા, અંબાજી રોડ): ગયા વરસે નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલા

### કારખાનેદાર 30...

કારખાનું બંધ કરી દીધું છે. દિવાળીના સમયે વેતન અને બોનસની આશાએ બેઠેલા રત્નકલાકારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.આ ગંભીર બાબતને લઈને ડાયમંડ વર્કર યુનિયન ગુજરાતના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરને લેખિત રજૂઆત કરી છે. યુનિયને કારખાનાના સંચાલક કિર્તિભાઈ ગોવિંદભાઈ વાગડિયા અને સંબંધિત વ્યક્તિઓ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી કડક કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ રત્નકલાકારોને તેમનું બાકી લેણું અપાવવા ઉગ્ર માગ કરી છે. દિવાળી જેવા પવિત્ર તહેવાર ટાણે જ મહેનતના પૈસા અટવાઈ જતાં રત્નકલાકારો અને તેમના પરિવારો સામે ગંભીર આર્થિક સંકટ ઊભું થયું છે. આ મામલે પોલીસ દ્વારા આગામી સમયમાં શું પગલાં લેવામાં આવે છે તેના પર સૌની નજર છે. જોકે, આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે કે નહીં અને આરોપી પક્ષનું શું કહેવું છે તે અંગે સંપર્ક કરવા છતાં તેઓ પ્રતિક્રિયા આપવા ઉપલબ્ધ ન હતા.

### કારખાનેદારે 4.50 લાખ ચૂકવ્યા પણ બાદમાં ગાયબ

ડાયમંડ વર્કર યુનિયન ગુજરાત દ્વારા કરવામાં આવેલા આક્ષેપ મુજબ, મારુતિ નંદન ડાયમંડ કારખાનું છેલ્લા બે વર્ષથી કાર્યરત હતું અને અગાઉ ત્યાં આશરે 300 જેટલા રત્નકલાકારો કામ કરતા હતા. હાલમાં છેલ્લા બે મહિનાથી કામ કરતા 30થી વધુ રત્નકલાકારોનો પગાર ચૂકવ્યા વિના જ કારખાનું બંધ કરી દેવામાં આવ્યું છે. શરૂઆતમાં બાકી વેતનની રકમ અંદાજે રૂ. 10 લાખ હોવાનું જણાવાયું હતું, પરંતુ યુનિયનની રજૂઆતમાં કુલ બાકી વેતનનો આંકડો વધીને રૂ. 14.50 લાખ પહોંચ્યો છે. રત્નકલાકારોની રજૂઆત બાદ યુનિયનના માધ્યમથી અગાઉ આશરે 40 ટકા લેખે રૂ. 4.50 લાખની ચુકવણી કરવામાં આવી હતી. ત્યારબાદ કારખાનેદારના મિત્ર ભાવેશભાઈ ખૂંટે ગત 19 ઓક્ટોબર, 2026ના રોજ બાકીનું વેતન ચૂકવી આપવાની લેખિત/મૌખિક ખાતરી આપી હતી. જોકે, ત્યારબાદ કારખાનેદારનો કોઈ સંપર્ક થઈ શક્યો ન હતો. યુનિયને આશંકા વ્યક્ત કરી છે કે સમય પસાર કરવા માટે જ કામદારોને ખોટી ખાતરીઓ આપીને વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા.

## સરકારી જમીન પર વારંવાર દબાણ કરનાર સામે FIR કરો: મુખ્યમંત્રી

**ઓક્ટોબરના** 'રાજ્ય સ્વાગત'માં ૧૭૦થી વધુ રજૂઆતો સાંભળી; જિલ્લા અને તાલુકા સ્વાગતમાં ૪,૯૫૩થી વધુ અરજીઓ પર કાર્યવાહી

ગાંધીનગર,તા.22: સરકારી જમીનો પર થતાં દબાણો અટકાવવામાં બેદરકારી ચલાવી નહીં લેવાય અને વારંવાર દબાણ કરનાર સામે એફઆઈઆર નોંધવામાં આવે. ખેડૂત ખાતેદારનાં પ્રમાણપત્રો પણ નિયમ મુજબ સમયસર આપવામાં આવે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોને સરકારી જમીનોની જાળવણી અને ખેડૂતોના હિતમાં સ્થાનિક સ્તરે જ યોગ્ય કાર્યવાહી કરવા સ્પષ્ટ તાકીદ કરી છે. નાગરિકોની ફરિયાદો અને રજૂઆતોના નિવારણ માટે યોજાયેલા ઓક્ટોબર-૨૦૨૬ના 'રાજ્ય સ્વાગત' કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ વહીવટી તંત્રને આ સૂચનાઓ આપી હતી. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ઓરમા ગામમાં પીવાના પાણીની સમસ્યાના ઉકેલ માટે સ્થાનિક વહીવટી તંત્ર અને પાણી પુરવઠા બોર્ડને યોગ્ય આયોજન કરવા જણાવાયું હતું. બોટાદના મોટા ઝિંઝાવદર ગામમાં રસ્તાના પ્રશ્ને માર્ગ અને મકાન વિભાગને સત્વરે કાર્યવાહી કરવા સૂચના અપાઈ હતી. ખેડૂતોનાં ખેતરોમાં વરસાદી પાણી ભરાવાથી થતા નુકસાન અને તળાવ ઓવરફ્લો થવાની સમસ્યાના ઉકેલ માટે સિંચાઈ વિભાગને ટેક્નિકલ ઉપાયો કરવા પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં ખેડૂતોના ખેતરોમાં વરસાદી પાણીના નિકાલ, ખેડૂત ખાતેદાર પ્રમાણપત્ર, પીવાના પાણી, રસ્તા, જમીન દબાણ અને જમીનના રી-સર્વે સહિતના પ્રશ્નો રજૂ થયા હતા. મુખ્યમંત્રીએ સંબંધિત વિભાગોને આ ફરિયાદોનો હકારાત્મક અભિગમ સાથે ઉકેલ લાવવા સૂચના આપી હતી.


### જાહેર હરાજી સને ૨૦૨૬-૨૭

આથી જાહેર જનતા અને વેપારીઓને જણાવવામાં આવે છે કે, તાલુકા બિયારણ વૃદ્ધિ કેન્દ્ર, નાની ભમતી વાંસદા તાઃ- વાંસદા જિ. નવસારી મુકામે આવેલ સીડ ફાર્મ ઉપર ખરીફ-૨૦૨૬ માં વાવેતર કરેલ ડાંગર પાકના પરાળની જાહેર હરાજી કરવાની હોય રસ ધરાવતા ઇસમો/ઇજારદારોને તા.૦૨/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તાલુકા બિયારણ વૃદ્ધિ કેન્દ્ર, નાની ભમતી વાંસદા તાઃ- વાંસદા જિ. નવસારી ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીની શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે

સ્થળઃ નાની ભમતી
તા. ૨૧/૧૦/૨૦૨૬

તાલુકા બિયારણ વૃદ્ધિ કેન્દ્ર
નાની ભમતી, વાંસદા
તાઃ- વાંસદા જિ. નવસારી

માહિતી/નવસારી/૩૯૧/૨૦૨૬



### આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) | CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ - KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપેટ, ચેન્નઈ - 600031.
ટેલિફોનઃ +91 44 4564 4000 | ફેક્સઃ +91 44 4564 4022

ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13 (2) હેઠળની નોટિસ

નીચે સહી કરનાર ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે દર્શાવેલ સુરક્ષિત લોન લીધી હતી. નીચે જણાવેલ ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓની લોન તેમની સંબંધિત મિલકતોના ગીરવે મુકવા દ્વારા સુરક્ષિત કરવામાં આવી હતી. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી તેમની લોન અનિયમિત બની ગઈ હતી અને RBI માર્ગદર્શિકા મુજબ તેમની લોનને NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. સંબંધિત નોટિસોમાં વધુ વિગતવાર વર્ણવ્યા મુજબ, સંબંધિત તારીખોથી પ્રભાવી કરાર દર મુજબ લાગુ પડતા વ્યાજ અને અન્ય ખર્ચો, શુલ્કો વગેરે સાથે, સંબંધિત નોટિસો મુજબ નીચેના કોષ્ટકમાં વધુ ચોક્કસપણે વર્ણવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ,આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેઓ દ્વારા ચૂકવવાપાત્ર રકમ છે.

| ક્રમ નં. | લોન ખાતા નં. | લોનનો પ્રકાર | ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓના નામ | કલમ 13 (2) નોટિસ તારીખ | કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 104684492 | હોમ લોન | 1. વિશ્વજીતકુમાર ધનસુખભાઈ પટેલ 2. અરુણાબેન વિશ્વજીત પટેલ | 30-Sep-2026 | INR 9,67,819.17/- |

મિલકતનું સરનામુંઃ પ્રોપર્ટી નંબર 857 (મકાન નંબર 60) ધરાવતી અચલ મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ, માપણી 13 X 62 ચો. ફૂટ (806 ચો. ફૂટ), જે મોજે ગામઃ ભરટાદ, તાલુકોઃ મહુવા, જિલ્લોઃ સુરત, ગુજરાત - 394250 ખાતે આવેલ છે, અને તેની હદ નીચે મુજબ છેઃ- પૂર્વઃ રસ્તો, પશ્ચિમઃ ખુલ્લી જગ્યા, ઉત્તરઃ યતિનભાઈનું ઘર, દક્ષિણઃ ખુલ્લી જગ્યા.

તમને આથી આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ અને હાલમાંઆઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને ઉપરના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ તેમની સંબંધિત તારીખોથી તેના પર કરાર મુજબના વ્યાજની રકમ અને અન્ય ખર્ચો, શુલ્કો વગેરે સાથે, આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ચૂકવવા માટે કહેવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવાથી નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ,આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને બાકી રકમ વસૂલવા માટે ઉપર જણાવેલ ગીરવે મૂકેલી મિલકતો સામે કાર્યવાહી શરૂ કરવાની ફરજ પડશે. વધુમાં, તમને સદર એક્ટની કલમ 13 (13) હેઠળ સદર સુરક્ષિત અસ્કયામતો વેચાણ/પટ્ટા કે અન્યથા દ્વારા ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

તારીખઃ 23.10.2026
સ્થળઃ સુરત, ગુજરાત



